# મોડાસામાં માલધારી સમાજ અને ઠાકોર સમાજે રેલી યોજી

## સાયરા યુવતી શંકાસ્પદ મોત પ્રકરણમાં ખોટો કેસ કરી યુવકોને ફસાવ્યા સામે ન્યાયની માંગ

મોડાસા, તા. ૯

મોડાસાના સાયરા (અમરાપુર)ની ૧૯ વર્ષીય અપહત્ય યુવતીનો ૫ દિવસ પછી સાયરા ગામની સીમમાંથી રવિવારે સવારે વડના ઝાડ સાથે ફાંસે ખાધેલી હાલતમાં લાશ મળી આવતા પરિવારજનોએ યુવતી સાથે સામુહિક દુષ્કર્મ અને હત્યા થઈ હોવા અંગે પરિવારજનો અને અનુ.જાતિ સમાજના અગ્રણીઓને પોલીસતંત્ર સમક્ષ ૪ શખ્શો સામે ગુન્હો નોંધવાની માંગ પછી જ પી.એમ. કરવાની માંગ પર અડગ રહેતા અને ધરણા પર ઉતરતા મંગળવારે બપોરે રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાની ઉપસ્થિતિમાં ૪ શખ્શો સામે અપહરણ, દુષ્કર્મ અને હત્યાની ફરિયાદ નોંધાતા પરિવારજનોએ શંકાસ્પદ હાલતમાં મળી આવેલ યુવતીનું ફોરેન્સિક પીએમ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડી પીએમ કરાવી ગુરુવારે તેના વતનમાં અંતિમ ક્રિયા કરાઈ હતી સાયરા ગામની યુવતીના મોત પ્રકરણમાં ખોટો કેસ કરી નિર્દોષ યુવકોને ફસાવ્યા હોવાનો આક્ષેપ સામે ન્યાયની માંગ માલધારી સમાજે રેલી યોજી, ચારરસ્તા દેખાવ કરી જીલ્લા કલેક્ટર અને એસપી ને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી.

રવિવારે,સાયરા નજીક વડ પરથી લટકતી હાલતમાં અમરાપુર ગામની ૧૯ વર્ષીય અપહત્ય યુવતીની લાશ મળી આવતા ૬૦ કલાક પછી મોડાસા રૂરલ પોલીસે ૧)બિમલ ભરતભાઈ ભરવાડ(રહે,બાજકોટ) ,૨) દર્શન ભરવાડ (રહે,પીપરાણા) ,૩) સતીશ ભરવાડ (રહે,રમણા) અને ૪)જીગર (રહે,ગાજણ) વિરુદ્ધ ઈપીકો કલમ-૩૦૨,૩૬૬,૩૭૬(ઘ), ૫૦૬(૨) અને એટ્રોસિટી એક્ટ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી આ અંગે માલધારી સમાજે ગોપાલ હોસ્ટેલથી ન્યાયનીની માંગ સાથે મોટી સંખ્યામાં રેલી યોજી "પોલીસ પર દબાણ કરી કાયદા વિરુદ્ધ પીએમ પહેલા ખોટી એફ.આઈ.આર કરનાર અને કરાવનાર સામે ગુન્હો દાખલ કરો" અને "સાચો ન્યાય કરો યુવાનોને મુક્ત કરો" ના બેનર પ્રદર્શિત કરી ભરવાડ અને ક્ષત્રિયના છોકરાઓ વિરુદ્ધ ષડયંત્ર રચી સમાજ બદનામ થાય તે માટે કેવલસિંહ રાઠોડ અને અમૃત ચમાર તથા વીડિયોમાં વાઈરલ દેખાતા તમામ ઈસમોએ લોકોને ઉશ્કેરણી કરી કાયદાની પ્રક્રિયા પૂર્ણ કરવા દીધા સિવાય ખોટી રીતે સહાય મેળવવાના ઈરાદે ગંભીર આક્ષેપ કરી ખોટી ફરિયાદ કરાવેલ હોઈ તેમના તમામ વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે અને મૃતક યુવતીના મોતની ન્યાયિક તાપસ કરવામાં આવેની જિલ્લા કલેક્ટર અને જીલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી ખોટી ફરિયાદ રદ કરવામાં આવેની માંગ કરી હતી અને ન્યાય નહીં મળે તો મુખ્યમંત્રી અને વડાપ્રધાનને આપશે આવેદનપત્ર આપવામાં આવશેનું માલધારી સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું આ રેલીમાં મોટી સંખ્યામાં યુવકો, યુવતીઓ અને મહિલાઓ જોડાઈ હતી માલધારી અને ઠાકોર સમાજની રેલીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો






## સાયરા (અમરાપુર) યુવતી શંકાસ્પદ મોત પ્રકરણ

# ૫ દિવસ બાદ યુવતીની અંતિમક્રિયા હજ્જારોની સંખ્યામાં લોકો અંતિમક્રિયામાં ઉમટ્યા

મોડાસા, તા. ૯

મોડાસાના સાયરા (અમરાપુર) ગામની ૧૯ વર્ષીય કોલેજમાં અભ્યાસ કરતી "નિર્ભયા" ૫ દિવસ અગાઉ ગુમ થઈ હતી રવિવારે સવારે સાયરા ગામની સીમમાં વડના ઝાડ પરથી લટકતી હાલતમાં લાશ મળી આવતા ભારે ચકચાર મચી હતી મૃતક યુવતીના પરિવારજનોએ પરિવારજનોએ ફરિયાદમાં નામ નોંધાયેલ આરોપીઓની ધરપકડ કરવામાં આવે અને સીઆઈડી ક્રાઈમને તપાસ સોંપવામાં આવે પછી જ યુવતીનો મૃતદેહ સ્વીકારવાની માંગ પર અડગ રહ્યા પછી બુધવારે સાંજે મૃતક યુવતીના માતા-પિતા ની તબિયત લથડતા મૃતકના પરિવારજનો અને સગા-સંબંધીઓએ યુવતીની



યુવતીનું અપહરણ કરવામાં આવ્યું હોવાની સાથે ૪ શખ્શોએ સામુહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપ કરી યુવતીની લાશ વડના ઝાડ પરથી ઉતારવાની ના પાડતા પહેલા ફરિયાદ નોંધવાની માંગ કરતા એસપી મયુર પાટીલ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પરિવારજનો અને આગેવાનો સાથે સમજાવટ કરતા મૃતક યુવતીની લાશ ઉતારી મોડાસા પીએચસી સેન્ટરમાં પી.એમ.માટે મોકલી દેવામાં આવી હતી. ફોરેન્સિક પીએમ માટે અમદાવાદ ખસેડાતા વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને વિવિધ સંગઠનો મંગળવારે પીડિત પરિવારના સમર્થનમાં પહોંચી યુવતીના પરિવારજનોની માંગ કરી કેન્ડલ માર્ચ અને ધારણા યોજ્યા હતા

બુધવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે પેનલ પીએમ પછી અંતિમક્રિયા કરવાનું નક્કી કરી બુધવારે રાત્રે પોલીસ રક્ષણ સાથે યુવતીનો મૃતદેહ માદરે વતન પહોંચતા ગુરુવારે સવારે યુવતીની અંતિમ ક્રિયા કરવામાં આવી હતી નિર્ભયાની અંતિમ યાત્રામાં હજ્જારોની સંખ્યામાં લોકો ઉમટ્યા હતા અને અશ્રુભીની આંખે વિદાય આપી પીડિત પરિવારને પોલીસ રક્ષણ ન્યાય ન મળે ત્યાં સુધી આપવામાં આવે ની માંગ સાથે આક્રોશ પૂર્વક નિર્ભયા કાંડના આરોપીઓને ઝડપથી પકડી જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે અને કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી ગુન્હેગારોને ફાંસીની સજા કરવામાં આવી હોવાની માંગ કરી હતી હજુપણ મોડાસામાં અજંપાભરી સ્થિતિનું નિર્માણ યથાવત રહ્યું છે પોલીસતંત્રએ સમગ્ર શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે

# પ્રાંતિજ ખાતે પક્ષીઓને બચાવવા વન વિભાગ દ્વારા 'કરુણા અભિયાન' રેલી યોજાઈ

**પ્રાથમિક શાળાના બાળકો બેનરો સુત્રોચ્ચાર સાથે વિશાળ રેલી નિકળી : રેલી દ્વારા નગરજનોને પક્ષી બચાવો સંદેશ આપ્યો : રેલીમાં ઉપસ્થિત તથા આવતાં જતાં લોકોએ પક્ષી બચાવો ના સંપત લીધા : પ્રાંતિજ મામલતદાર દ્વારા લીલી ઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવ્યુ**

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મકરસંક્રાંતિ પર્વ ના આડે હવે છ દિવસ બાકી છે ત્યારે વનવિભાગ ના અધિકારીઓ દ્વારા સંયુકત કરુણા અભિયાન રેલીયોજાઈ હતી તો બાળકો દ્વારા પ્રજાજનો માં જન જાગૃતિ ફેલાવવામાંટે હાથમાં વિવિધ પક્ષી બચાવો બેનરો સાથે સૂત્રોચ્ચાર થકી પક્ષી બચાવો સંદેશ આપ્યો હતો તો પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ થી પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે રેલી પહોચી હતી જયાં ઉપસ્થિત સોવકોઇ એ પક્ષી બચાવો ની પ્રતિજ્ઞા પણ લેવામાં આવી હતી તો રેલીમાં પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા, મહંત સુનીલ દાસજી મહારાજ, આર.એફો ઈન્ચાર્જ ગણેશભાઈ વી.દેસાઈ, વનપાલક સલાલ એન.જે. વાદળ, વનપાલક ધડી શ્રીમતી બી.બી.પટેલ, વન રક્ષક કે.એસ.સરવૈયા, નગરપાલિકા ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ સહિત વનવિભાગ સ્ટાફ, શાળાનાબાળકો, શિક્ષકો સહિતના મોટી સંખ્યામાં જોડાયાં હતાં અને પક્ષી બચાવો નો સંદેશો ફેલાવ્યો હતો અને જીવદયા માટે પ્રયાસો હાથ ધર્યા હતાં.




પ્રાંતિજ ખાતે પક્ષીઓને બચાવવા રાજય સરકાર દ્વારા વનવિભાગ ના માધ્યમથી સંયુકત કરુણા અભિયાન રેલી યોજાઈ હતી જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા બેનરો સૂત્રોચ્ચાર સાથે પક્ષી બચાવો નો સંદેશ આપ્યો હતો.

પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ થી પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા દ્વારા કરુણા અભિયાન રેલી ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ પ્રાથમિક શાળાના નંબર- ૨ ના બાળકો તથા રાજય સરકાર અને



# આકેસણમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૯

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક શાળા આકેસણમાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.ડી.પી.અનાવાડિયા, તાલુકા આઈસી ઓફિસર ડી.વી.સોલંકી, તાલુકા આરોગ્ય સુપરવાઈઝર કે.કે.જોશી,વેડંચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ મેડિકલ ઓફિસર તરૂણ ઠાકોર, સુપરવાઈઝર પી.એચ. રાણા દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. તેમજ શાળા તથા ગામની સાફ સફાઈ,ક્લોરિનેશન,પાણીના સ્ત્રોતોની સફાઇ તેમજ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોને તાલુકા આરોગ્ય અધિકારીએ શાળા આરોગ્ય વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# બાયડ નગર પાલીકાનો સ્વચ્છતામાં ગાંધીનગર ઝોનમાં બીજો નંબર

મોડાસા, તા. ૯

બાયડ,બાયડ નગરપાલીકા ધ્વારા અનેક કાર્યો ને લઈ સ્વચ્છતામાં અગ્રીમ હરોળમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.ત્યારે નગરપાલીકા એ સ્વચ્છતા ને લઈ વધુ એક પગલું ભર્યું છે.ત્યારે સ્વચ્છતા સર્વેક્ષણમાં બાયડ નગરપાલીકાનો બિજો નંબર આવતાં નગરમાં આનંદ નું મોઝું ફરી વળ્યું છે.બાયડ નગરમાં અનેક વિકાસલક્ષી કાર્યો તથા સ્વચ્છતા ને લઈ પાલીકા ધ્વારા થયેલા કામોની નગરમાં પ્રસંસા થઈ છે.ત્યારે સારા વિકાસ કાર્યો જોઈ કેટલાક વિકાસ વિરોધીઓના પેટમાં તેલ રેડાતાં હવાતીયા મારવાનું શરૂ કર્યું છે.ત્યારે બાયડ નગરપાલીકા એ સ્વચ્છતામાં બિજો નંબર પ્રાપ્ત કરી વિકાસ વિરોધીઓ ને લપડાક આપી છે.જેને લઈ આવા તત્વો પ્રજામાં ખુલ્લા પડી ગયા છે.બાયડ નગરપાલીકાના પ્રમુખ શાહીનબેન મલેક તથા ચીફ ઓફિસર રમેશભાઈ એમ.ચાવડા એ જણાવ્યું કે સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૦માં નગરપાલીકા એ ભાગ લીધો છે.

ત્યારે તાજેતરમાં જાહેર થયેલા સ્વચ્છતાના પરિણામોમાં ૨૫ હજારથી ઓછી વસ્તી ધરાવતાં શહેરોમાં ક્વાટર-૧ તથા ક્વાટર-૨ નું પરિણામ જાહેર કરાયું છે.જેમાં ગાંધીનગર ઝોનમાં બાયડ નગરપાલીકા એ તમામ નગરપાલીકાઓ ને પાછળ મુકી બિજો નંબર પ્રાપ્ત કરતાં નગરમાં આનંદ છવાયો હતો.બિજો નંબર પ્રાપ્ત થતાં પ્રમુખે આ જીત બાયડના નગરજનો ની છે તેમ જણાવ્યું હતું.જ્યારે બિજી બાજુ ડોર ટું ડોર ઘન કચરાનું કલેક્ષન કરવા માટે આવતાં વાહનોમાં પાલીકા ધ્વારા સ્વચ્છતાના ગીતો વગાડવાનું શરૂ કરતાં નગરમાંથી પણ આવકાર મળ્યો હતો.






તલોદ તાલુકાના મહિયલ મુકામે જયનગર વિસ્તારના માતાજી મંદિરમાં પવિત્ર ધનુર્માસ દરમિયાન શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન થયેલુ છે. તલોદના વિદ્વાન કથાકાર પૂ. ડોંગરેજી મહારાજના કૃપાત્રા હરિપ્રસાદ કે. શાસ્ત્રી કથાનુ ડોંગરેજી મહારાજની શૈલીમાં કથાનુ રસપાન કરાવી રહ્યા છે. જેનો તલોદ-મહિયલના ભાવિક ભક્તજનો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

## અરવલ્લીમાં એસીબીનો સપાટો

# માલપુર પોલીસસ્ટેશનનો એ.એસ.આઈ બે હજારની લાંચ લેતા રંગેહાથે દબોચ્યો

મોડાસા, તા. ૯

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર આદરી રહ્યા છે બંને જીલ્લામાં કેટલાક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે "ભ્રષ્ટાચાર એજ શિષ્ટાચાર" બનાવી દીધો હોય તેમ કાયદાનો ભય બતાવી રૂપિયા ખંખેરવામાં રચ્યા પચ્યા રહે છે સાબરકાંઠા એલસીબી કોન્સ્ટેબલ બુટલેગર પાસેથી બે વચોટિયા મારફતે ૨૦ હજારની લાંચની રકમ લેતા એસીબીની ટીમે ઝડપ્યો હોવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે અરવલ્લી જીલ્લાના માલપુર પોલીસ સ્ટેશનનો આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર મેહુલ પ્રેમજી પરમાર ને ચેપ્ટર કેસમાં જામીન લેવા માટે ૨ હજાર રૂપિયા ની લાંચ માંગતા ફરિયાદીએ અરવલ્લી એસીબીનો સંપર્ક કરતા એસીબીની ટીમે છટકું ગોઠવી ૨ હજારની લાંચ લેતા રંગે હાથે ઝડપી લેતા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો હતો

માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદીના કૌટુંબિક કાકા સામે અરજી થતા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એ.એસ.આઈ મેહુલ પ્રેમજીભાઈ પરમારે અરજીના કામે ચેપ્ટર જામીન લેવા અંગે ફરિયાદી અને સાહેદ પાસેથી ૨ હજાર રૂપિયાની માંગણી કરતા સમસમી ઉઠ્યા હતા અને લાંચિયા એ.એસ.આઈ ને પાઠ ભણાવવા અરવલ્લી જીલ્લા એસીબીનો સંપર્ક કરતા એસીબી પી.આઈ આર.આર.દેસાઈ અને ટીમે છટકું ગોઠવી માલપુર પોલીસ સ્ટશસનમાં જ લાંચિયા એ.એસ.આઈ મેહુલ પરમારને ૨ હજાર રૂપિયાની લાંચ લેતા રંગે હાથે ઝડપી લેતા એસીબીની ટ્રેપ થી પોલીસ સ્ટેશનમાં ફરજબજાવતા કર્મચારીઓ પણ અચંબિત બન્યા હતા એસીબીની સફળ ટ્રેપથી જીલ્લામાં ફરજ બજાવતા લાંચિયા અધિકારીઓમાં ફફડાટ ફેલાયો હતો



અરવલ્લી જીલ્લા એસીબીની ટીમે લાંચિયા એ.એસ.આઈ મેહુલ પ્રેમજીભાઈ પરમારને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# ખેડબ્રહ્મા ધાર્મિક સંસ્થાઓના દબાણોનો સર્વે કરાયો

**હાઇકોર્ટમાં ૨૦૦૬ માં થયેલ એસ.સી.એ. સંદર્ભે સરકારનું પગલું**

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્મા શહેરમાં ધાર્મિક સંસ્થાઓ ધ્વારા સરકારી જમીન ઉપર દબાણો દૂર કરવા રાજ્ય સરકારના આદેશ અનુસાર શહેરના છ જેટલા ધાર્મિક સ્થળોના દબાણ હટાવવા સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ખેડબ્રહ્મા નાયબ કલેક્ટર સહિત ૧૦ થી ૧૫ અધિકારીઓની ટિમ સર્વે કરી દબાણો નક્કી કરી તેનો અહેવાલ કલેક્ટરને મોકલવામાં આવ્યો છે.

ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ. ૯૬૮૬/૨૦૦૬ ની અરજી ધાર્મિક સંસ્થાઓના દબાણ અંગે થઈ હતી આ અરજીના સંદર્ભે રાજ્યના મહેસૂલ વિભાગના સેક્શન અધિકારીએતા ૧૧/૧૨/૨૦૧૯ના રોજ રાજ્યના તમામ કલેક્ટરને જાણ કરી ધાર્મિક સંસ્થાઓના સરકારી દબાણ સરકારી દબાણનોસર્વ કરવા આદેશ કર્યો હતો જે સંદર્ભે ખેડબ્રહ્મા નાયબ કલેક્ટર કૌશિકભાઈ મોદી, મામલતદાર જી.ડી.ગમાર, ચીફ ઓફિસર વી.એસ. ચારણ, માર્ગ અને મકાન વિભાગના દિલીપભાઈ ચૌધરી, નાયબ મામલતદાર હર્ષભાઈ પરમાર સહિતના અધિકરીઓની ટીમે ખેડબ્રહ્મા શહેરના ૬ જેટલા ધાર્મિક સ્થળોનો સર્વે કર્યો હતો.



દબાણ કર્તા અંદાજ—દબાણ ક્યાં થયું

૧. સંતોષી માતાજીનું મંદિર, સ્ટેટ હાઈવે
૨. હનુમાનજી મંદિર, વાસણા રોડ
૩. દરગાહ, કોલેજ રોડ
૪. હનુમાંજી મંદિર, કોલેજ રોડ
૫ .રેપડી માતાજીનું મંદિર, હરણાવ નદીના પટમાં
૬. મહાકાળી માતાજી મદિર, સ્ટેટ હાઈવે.

આમ શહેરના છ ધાર્મિક સ્થળોનો સર્વે કરવામાં આવ્યો હતો. અને રિપોર્ટ સરકારમાં મોકલવામાં આવ્યો છે

# બામણા ગામમાં રંગ જમાવતી મોરારી બાપુની રામકથા





ભિલોડા, તા.૯

મુર્ધન્ય કવિવર અને આંતરરાષ્ટ્રીય ઉચ્ચ કોટીના મહાકવિ સ્વ.ઉમાશંકર જોષી બાપાના દિવ્ય આત્માને શ્રદ્ધાજલિ અર્પવા સંદર્ભે પ્રકાંડ વક્તા પરમ પુજ્ય મોરારી બાપુની બામણા મુકામે હાથમતી-ઈન્દ્રાસી જલાગાર કિનારે રામકથાના આજે છટ્ઠા દિવસે પણ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાંથી મોટો જનસમુદાય રામકથા રસપાન કરવા ઉમટી પડ્યો હતો.કથામંડપ ભાવિક ભક્તોના કીડીયારાથી ઉભરાઈ રહ્યો છે.દેશ-વિદેશમાંથી ભાવિક ભક્તો રામકથા સાંભળવા માટે ઉમટ્યા છે.ભજન અને ભોજનનો લ્હાવો શ્રોતાઓ મેળવી રહ્યા છે.

આ સાહિત્યતીર્થ તરફ મારી વ્યાસપીઠ આવી છે.યોગ્ય હતું એટલે આવી છે.જગવિખ્યાત કવિવર ઉમાશંકર જોષીની પાવન જન્મ ભુમિ માદરે વતનમાં આ કરવા જેવું હતું.પરમ પુજ્ય મોરારી બાપુએ કહ્યું કે મારી હાજરી નહી મારી હૃદયની પ્રસન્નતા છે.

**ધર્માંતરણ ના કરાય,દરીયો ખારો છે પરંતુ મારો છે. ઉમાશંકર જોષીનું હૃદય ઉગ્ર નહોતું,વ્યગ્ર હતું : બામણા ગામમાં ઉમાશંકર માનસ કથાનો છઠ્ઠો દિવસ : હું કોઈથી દુર નથી અને કોઈથી નજીક પણ નથી,કોઈ મારો ખાસ નથી,બધાય મારા સમ છે : પ.પુ.મોરારી બાપુ**

રામકથામાં વ્યાસપીઠ ઉપરથી મોરારી બાપુએ કહ્યું કે કોઈ પણ પ્રસંગમાં કોઈએ મને નિમંત્રણ આપવું નહી,કોઈ પણ પ્રસંગમાં નહી,જ્યાં મારી ઈચ્છા હશે ત્યાં જવાનો છું.હું થાક્યો નથી,કથાઓ ચાલુ જ રહેશે પણ આ મારા અંતરનો અવાજ છે.બામણા ગામમાં વામણા સાધુના શબ્દો છે.સર્વજન સુખાય નહી પણ સર્વભુત હિતાય,વિનમ્ર સંકલ્પ કર્યો છે.જેને આવવું હોય તે તલગાજરડા આવજો,વ્યાસપીઠ પરમાર્થમાં વહે છે.વ્યાસપીઠ પરાધીન પણ નથી,નથી તરવું,નથી તરાવું,કેવળ વહેવું છું.મારો આ જ શ્વાસ છે ત્યાં સુધી મારી મોજ આમ જ બામણા ગામમાં વામણો સાધુ બોલે છે.હું કોઈથી દુર પણ નથી અને કોઈથી નજીક પણ નથી,કોઈ મારો ખાસ નથી,બધાય મારા સમ છે.હૃદયના ભાવ સાથે મોરારી બાપુએ કહ્યું હતું.મારી પાસે પોથી છે.મને ખુબ સદ્‌ભાવ મળ્યો છે.મારી પાસે પરીવારનું તપ અને ત્યાગ છે.એક મહામંત્ર રામ છે.! આ મારો સત્સંગ છે.

૫ ને ઝીરો કરી દો એટલે ૫૦ વર્ષની ઉજવણી,અલંકાર નહી,અંધકાર નહી,અધિકાર નહી,અસહકાર નહી,અહંકાર નહી,સ્વભાવ જ સ્વધર્મ છે.૫ પ્રશ્નોના ઉત્તર મળી જાય એટલે એટલે ગોલ્ડન જ્યુબલીની ઉજવણી આપણા પંચોતેર મળી ગયા હોય તો તેની ઉજવણીની કોઈ જરૂરત જ રહેતી નથી,રામકથા એને રોજ દિવાળી,મોજમાં રહેવું મોજમાં રહેવું અને આ દરીયા ખારા અને વીરડા મીઠા રામ કૃપાએ રોજ દિવાળી કામ કરશે એની કોઠીએ નહી ખુટશે દાણા મોજમાં રહેવું અલખધણીની ખોજમાં રહેવું,મોજમાં રહેવું જોઈએ તેમ કહી વિનમ્રતાથી કહ્યું શબ્દે તેડાવ્યા અમે આવ્યા છીએ.લોકસભાને અલવિદા કરતા ઉમાશંકર જોષી શબ્દના સહારે ગમે તેવો મહામાનવ,દેવમાનવ,માનવ જેવો લાગે,અલવિદા કેન્દ્ર ખંડ વહુએ વગોવ્યા મોટા ખોરડા,શબ્દ મને અહી બામણા ખાતે લઈ આવ્યો છે.જ્યારે અધર્મ આચરાય ત્યારે આ દેશના પશુ પંખીડાઓને પણ પીડા થાય અને ધર્મ આચરાય ત્યારે મુંગા જીવો પણ રાજી થાય ! શોર્ય અને ધૈર્યના બે પૈડાં છે.કૈલાશ પર્વત ઉપર ઉમાને આ કથા ભગવાન શિવજી સંભળાવે છે.બીજાને પ્રસન્ન રાખો,એમાય ઘણુંય બધુ પુણ્ય ભર્યું છે.આખા દિવસ કામમાં કરો અને સાંજે વિશ્રામ કરો ત્યારે પરસ્પર એકબીજાને સમજો તેમ કહી ખુશ રહો બાપ,પ્રસન્ન રહો બાપ તેમ વ્યાસપીઠ ઉપરથી જણાવ્યું હતું.બ્રહ્માંડમાં સહુ થી વધુ રંગ વાદળી છે અને પછી લીલો માણસ એને લાલ બનાવવા મથે છે.

પતિ,પત્નીએ એકબીજાને પ્રસન્ન રાખવા જોઈએ,બહુ ઉપવાસ,એકટાણા કરે એ બહુ ક્રોધમાં રહે,બહુ શરીરને કષ્ટ આપી તપસ્યા કરે એ પ્રસન્ન ના રહે,રસહીન થાય છે.ગંગાના બે કિનારા હોય સકામ અને નિષ્કામ,સનાતન ધર્મમાં પણ લોકો એમાં વાડા કરે છે.

ધર્માંતરણ ના કરાય,દરીયો ખારો છે પરંતુ મારો છે.મારૂ મન મોર બની થનઘનાટ કરે છે.અહાગરો લાગ્યો મને ઈડરીયા પ્રદેશનો,અહાગરો લાગ્યો મને શામળીયા પ્રદેશનું મશહુર સાંસ્કૃતિક લોકગીત ભિલોડાના નવાભવનાથ વાળા ભીખુદાનભાઈ ગઢવીના કોકીલ કંઠે પ.પુ.મોરારી બાપુએ ગવડાવ્યું હતું.રામકથામાં હજ્જારો ભાવિક ભક્તો સંગીતની શુરાવલી વચ્ચે ઝુમી ઉઠ્યા હતા.